## ફો.પ. અરજી નં.૧૭૪૫/૨૦૦૩ ના કામે આંક–૧ નીચે હુકમ : –

આજ રોજ ફરીયાદી કે વિ.વ.શ્રી હાજર નથી. રીપોર્ટ રજુઆત નથી. ખાનગી ફરીયાદ છે. આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો **MANIBHAI GORDHANBHAI PATEL v. PATEL AMBALAL PRABHUDAS (SINCE DECEASED) THROUGH HIS HEIRS & LRs. BAI ZAVERBEN Wd/o. AMBALAL PRABHUDAS PATEL, & ORS.** ના કામે ઠરાવેલ છે કે, **Civil Procedure Code, 1908 (V of 1908) Order 2, Rules 1, 8 and 9 - Parties are supposed to be. in the Courts when their cases are called out, and the Courts are not supposed to wait till evening - It is true that this parties must remain present before the Court when the matter is called out. The Court is not bound to wait for any party. The Court would be justified in disposing of the matter due to the absence of the party.**

સાંજ સુધી રાહ જોવા છતા ફરીયાદી તરફે રીપોર્ટ રજુઆત નથી. આમ ઉપરોકત ચુકાદો ધ્યાને લેતા અરજદાર ફરીયાદીને આ કામે આગળ વધવામા રસ ન હોવાનુ માનવા કારણ રહે છે, જેથી અરજી ફરીયાદ કાઢી નાંખવા હુકમ કરવામા આવે છે. બીજી રીતે જોતા પણ ફરીયાદમાં કરવામાં આવેલા આક્ષેપો જોતા ફરીયાદીએ આરોપીઓ સામે ઈ.પી.કોડ કલમ – ૪૦૬, ૪૨૦ મુજબની ફરીયાદ દાખલ કરેલ છે. ફરીયાદની હકીકત વંચાણે લેતા સિવિલ પ્રકારનો કેસ જણાઈ આવે છે. જેથી સિવિલ તકરારને ફોજદારી પ્રકારની કાર્યવાહીનુ સ્વરૂપ આપવા પ્રયત્ન કરેલ હોઈ નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા 2008 JX(Guj) 630 Hon'ble Judges:R.P.Dholakia, J. Sumitraben Widow Of Ramujilal Vyas Versus State Of Gujarat ને ધ્યાને લ ેતા સીવીલ પ્રકારનુ લીટીગેશન જણાઈ આવતુ હોઈ ફરીયાદ કાઢી નાંખવાનો હુકમ કરવામા આવે છે.

આ હુકમ આજરોજ તા. ૨૭ જુલાઈ સને ૨૦૧૮ ના રોજ વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

| | | |
|---|---|---|
| | | ( બી. જે. પટેલ ) |
| તા.૨૭–૭– ૨૦૧૮. | | એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ (કોર્ટ નં.૪)<br>અ મ દા વા દ. |
| | | કોડ નંબર જી.જે. ૦૦૯૭૭ |